જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૭૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૮૦ લીટર દેશી દારૂ, ૩૪૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ રિક્ષા, ૦૧ કાર, ૦૧ સ્કુટર અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૫,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૮૦/૨૦૨૬**

વેજલપુરઃ જુબેર સ/ઓ રફીકભાઇ શેખ (ઉ.વ.૪૧) (રહે. હજરત શાબીર પીયા સોસાયટી એ–વન સ્કુલ સામે વેજલપુર) એ તા.૨૪/૦૮/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૬ થી તા.૨૨/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ જુબેર શેખના મોબાઇલ ફોનમા ચલણ આવ્યાનો ખોટો મેસેજ કરી એપ્લીકેશનની લીંક મોકલી, ઓનલાઈન માધ્યમથી અલગ–અલગ ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૯૯,૧૪૯/–ટ્રાન્સફર કરી મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.કે.કરમટા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૧/૨૦૨૬**

ઓઢવઃ કોકીલાબહેન વા/ઓ નારણભાઈ શર્મા (ઉ.વ.૭૧) (રહે. પ્રીતી પાર્ક સોસાયટી અંબિકાનગર વિરાટનગર રોડ ઓઢવ) નાઓ તા.૨૪/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ કોકીલાબહેન શર્માના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૮,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કોકીલાબહેન શર્મા એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઈ.પટેલ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૮૨/૨૦૨૬**

એરપોર્ટઃ સરદારનગર આંબાવાડી શારદા કોલોની ખાતે રહેતા જીતેન્દ્રકુમાર બોધીભાઈ માજી નાઓની પત્ની તા.૨૧/૦૮/૨૦૨૬ સાંજના ૦૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે તેઓની ત્રણ વર્ષની પુત્રી રમતા–રમતા દાળ બનાવેલ ગરમ તપેલા ઉપર પડતા દાઝી જતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૮/૨૦૨૬ કલાક ૦૭/૩૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કુલદિપસિંહ જોરાવરસિંહ ચલાવે છે.

બિલ્ડીંગ ઉપરથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૧૮૩/૨૦૨૬**

ઘાટલોડીયાઃ મેમનગર એ.ઇ.સી.બ્રીજ રાજવી ઓપલ ફલેટ પાસે ન્યુ પટેલ ગર્લ્સ હોસ્ટેલની નવી બનતી સાઇટ ખાતે રહેતા સીતાબહેન વા/ઓ ઇશ્વરભાઈ ગોદા (મીણા) (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ–માડકલા પોસ્ટ–પાલ તા,જી–પ્રાતપગઢ રાજસ્થાન) તા.૨૩/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા બિલ્ડીંગ ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હેડ.કોન્સ રાજેશભાઈ ગોપાલભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૮૪/૨૦૨૬**

કૃષ્ણનગરઃ ભક્તિનગર કેનાલ અમરદીપ સોસાયટી ખાતે ગોડાઉન ઘરાવી કૃષ્ણનગર ચાર રસ્તા ખાતે ક્રિષ્ના પકોડી નામમી દુકાન ખાતે વેપાર–ધંધો કરતા હરીશકુમાર લાલચંદ કીમતાણી (ઉ.વ.૬૦) (રહે. પુષ્પક રેસીડેન્સી નવયુગ સ્કૂલ પાસે કેનાલ રોડ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા ગોડાઉન ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધર્મેન્દ્રકુમાર મહાદેવભાઈ ચલાવે છે.

ચાંદખેડાઃ ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડ વિવેકાનંદનગર ખાતે રહેતા રાજકુમાર શિવચરણલાલ ઠાકુર નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી